RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 238* Date: 25.06.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### 'મોદી હૈ તો મુમકિન હૈ': એક તરફ કોરોનાનો માર-બીજી તરફ મોંઘવારીનો માર

# ન ભૂતો ન ભવિષ્યતિ: ઈતિહાસમાં પ્રથમ વખત પેટ્રોલ કરતા ડિઝલ મોંઘુ

*ન્યુ દિલ્હી,તા.૨૪*

યુપીએ સરકાર વખતે મોંઘવારી અને ખાસ કરીને પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાને લઈને ભાજપ દ્વારા દિલ્હીની સડકો પર ભારે વિરોધ કરાતો હતો. પરંતુ અનલોક-૧માં મોદી સરકારે આજે સતત ૧૮મા દિવસે પેટ્રોલ અને ડિઝલમાંથી પેટ્રોલને બાકાત રાખીને માત્ર ડિઝલ પર ૪૮ પૈસાનો વધારો કરતાં તે સાથે જ બળતણ ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચાયો હતો. જેમાં દેશમાં પહેલીવાર પેટ્રોલ કરતાં ડિઝલ મોંઘુ થયું હતું. દિલ્હીમાં આજે ડિઝલનો ભાવ રૂ. ૭૯.૮૮ પ્રતિ લિટર હતો. જ્યારે પેટ્રોલનો ભાવ રૂ. ૭૯.૭૬ પૈસા જોવા મળ્યો હતો, સામાન્ય રીતે અત્યાર સુધી બળતણના ભાવ ક્ષેત્રે એવુ જોવા મળતું હતું કે પેટ્રોલ અને ડિઝલના ભાવની વચ્ચે ૫ કે ૧૦ રૂપિયાનું અંતર રહેતું હતું. પરંતુ હવે એ અંતર ધીમે ધીમે ઓછુ થઈને ડિઝલના ભાવ પેટ્રોલની સમકક્ષ અને હવે તેનાં કરતાં પણ આગળ નિકળી જતાં નાણાં બચાવવા પેટ્રોલના બદલે ડિઝલથી ચાલતી કાર લેનારા વાહનમાલિકો માટે પસ્તાવોનો વારો આવી શકે તેમ છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૭૯.૭૬ રૂપિયા અને ડિઝલની કિંમત ૭૯.૪૦ રૂપિયાથી વધીને ૭૯.૮૮ રૂપિય પ્રતિ લિટર થઈ ગઈ છે.



એકતરફ સમગ્ર દેશ કોરોના મહામારીની ગંભીર અસર હેઠળ છે અને તેની સામે લડી રહ્યું છે, લાંબા લોકડાઉનને કારણે હજુ અર્થતંત્રની ગાડી પાટા ઉપર આવી નથી, બીજી તરફ મોંઘવારીના મારે લોકોના હાલ બેહાલ કર્યા છે. ત્યારે મોદી સરકારમાં સરકારી ઓઈલ કંપનીઓએ પોતાની તિજારી ભરવા માટે બળતણના ભાવમાં એકધારો વધારો શરૂ કર્યો છે. જેમાં આજે બુધવારે બે મુખ્ય બળતણમાંથી માત્ર ડીઝલના ભાવમાં સતત ૧૮માં દિવસે વધારો કરાયો છે. ૧૭ દિવસના વધારા બાદ આજે પેટ્રોલના ભાવમાં વધારો નથી થયો. પરંતુ બુધવારે ડીઝલના ભાવ ૪૮ પૈસા વધ્યા છે. આ સાથે દિલ્હીમાં એક લિટર ડીઝલના ભાવ ૭૯.૮૮ રૂપિયા સુધી બોલાઈ રહ્યા છે. આ વધારા સાથે હવે દેશના ઈતિહાસમાં પહેલીવાર ડીઝલ, પેટ્રોલથી પણ વધું મોંઘું થયું છે.

સૂત્રોએ કહ્યું કે, છેલ્લા ૧૭ દિવસથી પેટ્રોલમાં થઇ રહેલો ભાવવધારો આજે અટક્યો હતો અને આજે ફક્ત ડીઝલના ભાવમાં ૪૮ પૈસાનો વધારો નોંધાયો છે. તેના પગલે રાજધાની દિલ્હીમાં પેટ્રોલના ભાવ પ્રતિ લીટર ૭૯.૭૬ રહ્યા છે અને ડીઝલનો ભાવમાં વધીને ૭૯.૮૮ પ્રતિ લીટર થયો છે. આજના ભાવવધારા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૨ પૈસાનો તફાવત રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગઈ કાલે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પેટ્રોલ-ડીઝલમાં સતત થઈ રહેલ ભાવવધારાને પગલે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

સતત ભાવ વધારો ઝીંકીને ઓઈલ કંપનીઓ તીજોરી છલકાવી રહી છે. છેલ્લા ૧૮ દિવસથી ભાવવધારાથી સામાન્ય માણસની કમર તૂટી ગઈ છે. પેટ્રો પેદાશો પરની એક્સાઈઝ ડ્યૂટી વધારીને સરકાર પણ લોકો પર ભાવવધારાનો કોરડો વીંઝી રહી છે. કોરોના લોકડાઉનને કારણ ૮૨ દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો ન હતો તેની વસૂલાત ઓઈલ કંપનીઓ હવે વ્યાજ સાથે કરી રહી હોય એવું લાગે છે. ઓઈલ કંપનીઓએ જૂન ૨૦૧૭થી બંન્ને પેટ્રો પેદાશોના ભાવમાં દરરોજ વધઘટ કરવાની શરૂઆત કર્યા પછી તેમાં સૌથી મોટો વધારો થઈ રહ્યો છે.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, અન્ય દેશોમાં સામાન્ય રીતે ડીઝલના ભાવ પેટ્રોલ કરતા વધુ હોય છે. જેનું મુખ્ય કારણ એ હોય છે કે તેનો ઉત્પાદન ખર્ચ પેટ્રોલની સરખામણીએ વધારે હોય છે. પરંતુ ભારતમાં સરકારે અત્યાર સુધી સબ્સિડી અને ટેક્સના માધ્યમથી આને સસ્તું રાખવાનો પ્રયાસ કર્યો છે. કારણે કે ખેતી, ટ્રાન્સપોર્ટ અને વીજળી જેવા જરૂરી કામોમાં ડિઝલનો ઉપયોગ વધુ થાય છે.

ઉલ્લેખનીય છે કે મે, ૨૦૧૭ સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં દર પંદર દિવસે વધારો કરવામાં આવતો હતો. પરંતુ ત્યારબાદ ઓઈલ કંપનીઓ દ્વારા દૈનિક ધોરણે ભાવવધારો કરવામાં આવે છે. લોકડાઉન દરમિયાન ૮૨ દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ સાત જૂનથી દૈનિક ધોરણે ભાવમાં ફેરફાર કરવાનું શરૂ કર્યુ છે. ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા સમગ્ર દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવે છે પણ દરેક રાજયમાં વેટનો દર અલગ હોવાથી દરેક રાજયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ અલગ અલગ જોવા મળે છે. આ અગાઉ દિલ્હીમાં ડીઝલનો સૌથી વધુ ભાવ ૧૬ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ ૭૫.૬૯ રૂપિયા હતો. જ્યારે પેટ્રોલનો સૌથી વધુ ભાવ ચાર ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ ૮૪ રૂપિયા હતો.

### દેશમાં કોરોના કુલ કેસ ૪,૫૬,૧૮૩ને પાર,૧૪૪૭૬ લોકોના મોત

# કોરોનાએ માઝા મૂકી: ૨૪ કલાકમાં રેકોર્ડ ૧૫,૯૪૮ પોઝિટિવ કેસ



### ૨.૫૮ લાખ લોકો સ્વસ્થ થયા જ્યારે કોરોના રિક્વરી રેટ ૫૬.૭૦ ટકાએ પહોંચ્યો, ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૨.૧૫ લાખ ટેસ્ટ કરવામાં આવ્યા

ન્યુ દિલ્હી,તા.૨૪

ભારતમાં કોરોના વાયરસે તબાહી મચાવી છે. દરરોજ કોરોનાનાં દર્દીઓની સંખ્યા સરેરાશ ૧૫ હજાર વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસનાં રેકોર્ડતોડ ૧૫ હજાર ૯૪૮ નવા કેસ સામે આવી રહ્યા છે અને એક દિવસમાં ૪૬૫ લોકોનાં મોત થયા છે. આવામાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે અચાનક એવું શું થયું કે કોરોનાનાં આટલા બધા કેસ આવવા લાગ્યા છે. કોરોનાનાં કેસમાં થઈ રહેલા વધારાનું મોટું કારણ ટેસ્ટિંગમાં ઝડપને માનવામાં આવી રહ્યું છે. દેશમાં કોવિડ-૧૯ દર્દીઓની સંખ્યા ૪,૫૦,૦૦૦ ને વટાવી ગઈ હતી. હાલમાં ભારતમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૪,૫૬,૧૮૩ છે.

અત્યાર સુધીમાં ૨,૫૮,૬૮૫ લોકો આ વાયરસથી ઠીક થયા છે. વળી, કોરોના વાયરસનાં કારણે અત્યાર સુધીમાં ૧૪,૪૭૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. એકમાત્ર રાહત એ છે કે રિકવરી દર પણ વધી રહ્યો છે. કોરોનામાં રિકવરી દર ૫૬.૭૦% છે. તે પહેલાના ૨૩ જૂને સવારે આશરે ૫૬.૩૭% હતો.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૨.૧૫ લાખ ટેસ્ટ દેશમાં કરવામાં આવ્યા છે. ભારતમાં હવે કોરોના વાયરસનાં ટેસ્ટિંગ માટે કુલ ૧ હજાર લેબ થઈ ગઈ છે. દેશમાં હવે ૭૩૦ સરકારી અને ૨૭૦ પ્રાઈવેટ લેબ છે. આઈસીએમઆર પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨,૧૫,૧૯૫ ટેસ્ટ કરવામાં આવ્યા. આમાં આરટી-પીસીઆર, એન્ટીજન ટેસ્ટ તમામ પ્રકારનાં ટેસ્ટ સામેલ છે.દેશમાં ૫૦૦થી વધુ મોત વાળા રાજયમાં ગુજરાતમાં મોતની ટકાવારી સૌથી વધારે ૬.૦૨% છે. મહારાષ્ટ્રમાં મૃતકોની સંખ્યા ગુજરાત કરતા છ ગણી છે, પરંતુ તે બીજા નંબરે છે. આ મોતની ટકાવારી ૪.૭૦% છે. ૪.૨૮%ના મૃત્યુદર સાથે મધ્યપ્રદેશ ત્રીજા નંબરે છે.

દિલ્હીમાં એક દિવસમાં સૌથી વધારે ૩૯૪૭ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. રાજધાનીમાં અત્યાર સુધી ૬૬ હજારથી વધારે સંક્રમિત મળ્યા છે. મહારાષ્ટ્રમાં ૩,૨૧૪ નવા દર્દી સામે આવ્યા છે, અહીંયા ૨૪૮ લોકોના મોત થયા છે. દેશમાં કોરોનાનો રિકવરી રેટ ૬ ટકાથી વધીને ૫૬.૩૮ ટકા થઈ ગયો છે.

આ પહેલા ૨૩ જૂનનાં જ્યારે ૧,૮૭,૨૨૩ લોકોનાં કોરોના ટેસ્ટ થયા હતા, ત્યારે ૧૪૯૩૩ નવા કેસ સામે આવ્યા હતા. ૨૧ જૂનનાં દેશભરમાં ૧,૯૦,૭૩૦ લોકોનું ટેસ્ટિંગ થયું, ત્યારબાદ ૧૫ હજારથી વધારે નવા કેસ આવ્યા. ૨૦ જૂનનાં કુલ ૧ લાખ ૮૯ હજાર ૮૬૯ લોકોનું ટેસ્ટિંગ થયું હતુ. આઈસીએમઆર પ્રમાણે દેશમાં અત્યાર સુધી કોરોના વાયરસનાં ૭૩ લાખ, ૫૨ હજાર, ૯૧૧ ટેસ્ટિંગ થયા છે.

ટેસ્ટિંગનાં મામલે ભારત દુનિયાનો ચોથા નંબરનો દેશ છે. જ્યારે અમેરિકા, રશિયા અને યૂકેમાં જ ભારતથી વધારે ટેસ્ટિંગ કરવામાં આવ્યા છે. જો કે પ્રતિ મિલિયનનાં આધાર પર ભારત ટેસ્ટિંગમાં ઘણું પાછળ ચાલી રહ્યું છે. આઈસીએમઆરનું આગામી લક્ષ્ય દરરોજ ૩ લાખ ટેસ્ટ કરવાનું છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૫૭૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૯૦૦૧**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૨૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૫૭૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૧૦૯૬**

# કોરોના અનલોક: ભારતમાં એક સપ્તાહમાં ૧,૦૦,૦૦૦થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના વાયરસનો દર ઘટવાને બદલે વધી રહ્યો છે. ડેટા મુજબ છેલ્લા સાત દિવસમાં કોરોનાના એક લાખથી વધુ નવા કેસ નોંધાયા છે. એટલે કે, દરરોજ લગભગ ૧૪,૬૦૦ નવા કેસ સામે આવી રહ્યા છે. એક અઠવાડિયા પહેલા (૧૬ જૂન), દેશમાં કોવિડ -૧૯ના કુલ ૩.૫૩ લાખ કેસ હતા, જે મંગળવારે વધીને ૪.૫૫ લાખથી વધુ થયા છે. આ સાત દિવસ દરમિયાન, ૨,૫૪૧ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. જે અત્યાર સુધી થયેલી કુલ મૃત્યુ (૧૪,૪૫૫)ના ૧૮% છે. બીજી તરફ મંગળવારે કોરોનાના ૧૫,૬૮૯ નવા કેસ સામે આવ્યા છે, જ્યારે ૪૬૬ દર્દીઓનાં મોત નીપજયાં હતાં.

એક સપ્તાહમાં ૬ દિવસ તો એવા પસાર થયા જેમાં નવા કેસોની સંખ્યાએ જૂના રેકોર્ડ પણ તોડી નાખ્યા હતા. દિલ્હીમાં મંગળવારે ૩૯૪૭ નવા કેસ નોંધાયા છે, જે કોઈપણ રાજ્યનો સૌથી મોટો એક દિવસનો આંકડો છે. માર્ચ પછી મંગળવાર પહેલો એવો દિવસ હતો જ્યારે મહારાષ્ટ્ર સિવાયના કોઈપણ રાજ્યમાંથી મહત્તમ નવા કેસ નોંધાયા હતા. મંગળવારે મહારાષ્ટ્રમાંથી ૩,૨૧૪ કેસ નોંધાયા હતા. આ સમયગાળા દરમિયાન રાજયમાં ૨૪૮ દર્દીઓનાં મોત થયા હતા, જે એક દિવસમાં સૌથી વધુ છે. આ પહેલા ૨૧ જૂને મહત્તમ ૧૮૬ લોકોનાં મોત થયાં હતાં. જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં કોવિડ -૧૯થી ૬,૫૩૧ દર્દીઓનાં મોત નીપજયાં છે.દિલ્હી આરોગ્ય વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ, છેલ્લા ૨૩ દિવસમાં કુલ કેસમાંથી ૬૯% કેસ નોંધાયા છે.

### વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક યોજાઈ

# કેબિનેટનો મોટો નિર્ણય : ૧,૫૪૦ સહકારી બેન્કો આરબીઆઈ હેઠળ આવશે

ન્યુ દિલ્હી,તા.૨૪

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં કેબિનેટની એક બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આજે અંતરીક્ષ વિજ્ઞાન અને બેંક્સ મામલે મોટા સુધારાના વટહુકમને મંજૂરી આપવામાં આવી હોવાની માહિતી આપી હતી. હવેથી સરકારી બેંક (અર્બન કો ઓપરેટિવ બેંક હોય કે પછી મલ્ટી સ્ટેટ કો ઓપરેટિવ બેંક) રિઝર્વ બેંકના સુપરવિઝન પાવરમાં આવશે.કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે ૧,૪૮૨ શહેરી સહકારી બેંક અને ૫૮ બહુ રાજય સહકારી બેંક સહિતની સરકારી બેંક્સ હવે ભારતીય રિઝર્વ બેંક (RBI)ના સુપરવિઝન અંતર્ગત લવાઈ રહી છે. આરબીઆઈની શક્તિઓ જેમ અનુસૂચિત બેંક પર લાગુ થાય છે તેમ જ સહકારી બેંક પર પણ લાગુ થશે.

કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે, ૧૫૪૦ સહકારી બેંકને આરબીઆઈના સુપરવિઝનમાં લાવવાથી અનેક ખાતાધારકોને ફાયદો મળશે. આ બેંકોના ૮.૬ કરોડથી પણ વધારે થાપણદારોને આશ્વાસન અપાશે કે આ બેંકોમાં જમા ૪.૮૪ લાખ કરોડ રૂપિયા સુરક્ષિત રહેશે.

કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે, કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ખૂબ જ મહત્વના નિર્ણયો લેવાયા છે. અંતરીક્ષ વિજ્ઞાન ક્ષેત્રે ભારે મોટા સુધારા કરવામાં આવ્યા છે. આજ સુધી આપણે અંતરીક્ષમાં સારો વિકાસ કર્યો છે અને હવે તે એક રીતે બધાના ઉપયોગ માટે ખોલવામાં આવી રહ્યા છે. તે સિવાય કુશીનગર એરપોર્ટને આંતરરાષ્ટ્રીય વિમાની મથક ઘોષિત કરવામાં આવ્યો હોવાની માહિતી આપી હતી.

કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું કે કેન્દ્રીય કેબિનેટે અન્ય પછાત વર્ગોમાં પેટા વર્ગીકરણના મુદ્દાની તપાસ માટે બનાવવામાં આવેલા પંચના કાર્યકાળના વધારાને અને છ મહિના સુધી એટલે કે ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ ને મંજૂરી આપી દીધી છે.

જાવડેકરે કહ્યું કે, પશુધનને લઈ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. પશુધન વિકાસ માટે ૧૫ હજાર કરોજ રૂપિયાનો આ કાર્યક્રમ પહેલીવાર સૌ માટે ખુલી રહ્યો છે. તેની સાથે દૂધ ઉત્પાદન વધશે, નિકાસ વધશે અને લોકોને રોજગાર મળશે.

આપણા પાડોશી દેશ મ્યાનમારે વધુ બે ગેસ બ્લોકમાં ૯૦૯ કરોડ રૂપિયાના રોકાણ અંગે વિચાર કર્યો છે. નવા બે બ્લોક એ૧, એ૩ છે. આ બ્લોકમાં ગેસની શોધ થશે અને ગેસ મળશે તેનું ઉત્દાન થશે. ગેસ તો નક્કી છે, ઉત્પાદન શરૂ કરવા માટે ૯૦૯ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે. આ મોદીજીના લુક ઈસ્ટ નીતિનું ઉદાહરણ છે.

# એકતરફી તેજી: સોનાનો ભાવ પ્રથમ વખત ૫૦,૦૦૦ને પાર

*ન્યુ દિલ્હી,તા.૨૪*

એક તરફ કોરોના મહામારી અને બીજી તરફ અમેરિકા-ચીન વચ્ચે વણસી રહેલા સંબંધોને કારણે સર્જાયેલ અનિશ્ચિત્તાના માહોલ વચ્ચે લોકો સુરક્ષિત રોકાણ તરફ વળી રહ્યાં છે. સોનાની ઘટવા છતા અન્ય એસેટ ક્લાસમાંથી રોકાણ સોનામાં આવતા એકતરફી ઉછાળો જ જોવા મળી રહ્યો છે.

લોકડાઉન બાદ હવે ફરી અનલોકને કારણે બજારમાં માંગ સુધરતા સોનાની ચાલ ઝડપી બની છે. આજે ફરી સોનામાં રેકોર્ડ હાઈ લેવલ જોવા મળ્યા છે. સ્ક્રુઠ પર ઓગષ્ટ, ગોલ્ડ વાયદો ૪૮,૩૩૩ના નવા ઓલટાઈમ હાઈ સ્તરે પહોંચ્યો છે.

જોકે હાજર બજારમાં સોનું ૫૦,૦૦૦ના રેકોર્ડ ભાવને પાર નીકળ્યું છે. અમદાવાદના હાજર બજારના ભાવ ૫૦,૨૫૦ના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે ૨૪મી જુનના રોજ પહોંચ્યા છે.

સોનાની જોડે જ રોકાણનું અન્ય ઉત્તમ સાધન ગણાતા ચાંદીમાં પણ સામાન્ય તેજી છે પરંતુ, સોનાની જેમ બુલરન ચાંદીમાં આ દોરમાં નથી જોવા મળી રહ્યો. સ્ક્રુઠ પર ચાંદી વાયદો ૧૦૦ રૂપિયાના ઘટાડા સાથે ૪૮,૭૦૦ના સ્તરે ટ્રેડ કરી રહ્યું છે.જોકે હાજર બજારમાં ચાંદી પણ ૫૦,૦૦૦ના ભાવને પાર છે. અમદાવાદમાં સિલ્વર ૫૦,૨૪૫ પર બોલાઈ રહી છે.

ગ્લોબલ બુલિયન માર્કેટના ભાવ પર નજર કરીએ તો ગોલ્ડ ૧૭૭૦ ડોલરની આસપાસ અને ચાંદી ૧૭.૯૧ ડોલર પ્રતિ આઉન્સની આસપાસ છે.

## તંત્રી સ્થાનેથી...

# મિત્ર ટ્રમ્પે ભારતીયોને નુકસાન કર્યું પરંતુ ચીનને પાઠ ભણાવવા ક્યારે તૈયાર થશે.....?

વિશ્વભરમાં કોરોનાએ પોતાનું સામ્રાજય ચીનની વિસ્તારવાદી નીતિની જેમ આગળને આગળ વધી રહ્યું છે. તેમાં પણ. વિશ્વના કેટલાક નેતાઓની જીદ અને હઠાગ્રહ કે અણ આવડતના કારણે કોરોનાને ફાવતું હતું અને ઢાળ મળી ગયો જેથી સ્થિતિ બની ગઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ કે જે આપણા વડાપ્રધાન મોદીજીના મિત્ર છે તે તુંડ મિજાજી ટ્રમ્પે અમેરિકામાં **lockdown** કે પાબંધી ને કોઈ સ્થાન ન આપતા અમેરિકાના અર્થતંત્રને દોડાવવા તરફ જ સવિશેષ ધ્યાન આપતા રહ્યા. અને કોરોના વાયરસને નગણ્ય ગણતા રહ્યા. પોતાનો સ્વાર્થ નજરમાં રાખી દોડતા રહ્યા. જેમાં ટ્રમ્પ આજની તારીખે અમેરિકાના ૨૯ જેટલા રાજયોએ પણ છકટછાટ આપવાથી કોરોનાનો મહા વિસ્ફોટ થશે તેવી શંકા વ્યકત કરી છે. અમેરિકામાં કોરોનાના કેસ અને મૃતાકની સંખ્યા બહુ જ મોટી છે. ત્યારે ટ્રમ્પે **lockdown** માં છૂટછાટ આપવાની તૈયારી કરી છે જે અમેરિકાની પ્રજા માટે બેહદ નઠારી બાબતો હશે.....! કારણ અમેરિકામાં કોરોનાએ ઉથલો માર્યો છે- મતલબ બીજો રાઉન્ડ કેટલાક રાજ્યોમાં શરૂ થઈ ગયો છે. ત્યારે ટ્રમ્પને માત્ર રાષ્ટ્રપતિ પદ જીતવામાં જ રસ છે. અને એટલા માટે પ્રચાર સભાઓ યોજવાનું શરૂ કરી દીધું છે. જેમાં અમેરિકાની પ્રજાને રસ નથી.... પરંતુ સભામાં આયોજનપૂર્વક લોકો હાજર રહે તે માટે મેનેજ કરવામાં આવે છે.....! છતાં સભા સ્થળના ક્ષેત્રફળના પ્રમાણમાં ૫૦% ખુરશીઓ ભરાય છે. પરંતુ લોકો ટ્રમ્પના જૂઠાણાં અને રાજકીય કાર્યોથી તંગ આવી ગયા છે.... તો રાજકારણમાં રસ લેતા લોકો પણ હવે ટ્રમ્પની પ્રચાર સભાઓથી દૂર ભાગવા લાગ્યા છે ત્યારે ટ્રમ્પે એચ-૧બી વિઝા પર ડિસેમ્બર ૨૦૨૦ સુધી પાબંધી લગાવવા સાથે દાવો કર્યો છે કે આ પગલું લેવાથી બે કરોડ અમેરિકનોને નોકરી મળશે... પરંતુ અમેરિકી પ્રજાને **trump** ઉપર વિશ્વાસ જ નથી રહ્યો વળી તેમની જૂઠાણાના બેતાજ બાદશાહ તરીકે ગણના થાય છે. કારણ કે ટ્રમ્પ ખુદ અનેકવાર જૂઠું બોલ્યા છે અને પછીથી ટોપલો તંત્ર ઉપર ઢોળી દીધો છે. જેને અમેરિકાની પ્રજા સારી રીતે જાણે છે. એટલે ટ્રમ્પને રાષ્ટ્રપતિ ચૂંટણી જીતવાના ચાન્સ ઘટી ગયા છે......!

ટ્રમ્પ મોદીજીના ખાસ મિત્ર છે અને એકબીજાને બહુ જ મહત્વ આપે છે. પરંતુ ટ્રમ્પે વિઝા બાબતે લીધેલા પગલાઓને કારણે ભારત સહિત વિશ્વભરના બિઝનેસો-પ્રોફેશનલ્સને ફટકો પડયો છે પરંતુ મોટો ફટકો ભારતના અમેરિકામાં નોકરી કરતા, ઉદ્યોગ-ધંધા કરતા તમામે તમામને મોટો ઝટકો લાગવા સાથે મોટો ફટકો પડયો છે. અને ટ્રમ્પને મિત્રતા કરતા રાષ્ટ્રપતિ ચૂંટણી જીતવામાજ રસ છે. ત્યારે આ બિઝનેસમેનને મોદીજીએ ઓળખી લેવાની જરૂર છે.....! નહીં તો ચીન પર નહેરુજીએ મોટો ભરોસો મૂક્યો હતો અને દરેક બાબતે ચીનને મહત્વ આપતા રહ્યા હતા ત્યારે ચીને ભારતની પીઠમાં ખંજર ભોક્યુ હતું. ભારતે ચીન સાથે સરહદ બાબતે ૧૯૯૩, ૧૯૯૬, ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૧૨ માં સરહદી સમજૂતી કરારો કર્યા હતા. દેશમાં મોદીજીની સરકાર રચાયા બાદ મોદીજી ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગને ૧૭-૧૮ વખત મળ્યા જેમાં પાંચ વાર તો ચીનની મુલાકાતે ગયા હતા. તો ભારતે જીન પીગ ભારત આવ્યા ત્યારે તેમના સ્વાગતમાં કોઈ મણા રાખી ન હતી. પરંતુ આખરે તો ચીનનો સ્વભાવ દગાખોરી કરવાનો છે એટલે મિત્રતાની કદર તો ન જ હોય...

બીજા ની જમીન કે માલ હડપ કરવાની તેની આગવી પદ્ધતિ છે. ઉપરાંત ચીન સાથે આજદિન સુધી સરહદી વિવાદનો કોઈ ઠોસ ઉકેલ નથી આવ્યો. એટલે ચીન ભારતની સરહદે વારંવાર ઊંબાડિયા કરી ભારતની ભૂમિ પચાવવા પ્રયાસ કરે છે અને પચાવ્યું પણ રહ્યુ છે.... ત્યારે મોદીજીએ ચીન બાબતે વિશેષ ધ્યાન આપવા તેમજ તેને આર્થિક ફટકો આપવા ઉપરાંત ભારતમાં જે તે ચીની બનાવટની ચીજ વસ્તુઓ, ટેકનીક સાધન સામગ્રી સહિત ઉદ્યોગોને જરૂરી માલસામાન મળી રહે તે પ્રમાણે પ્રથમ આયોજન કરવા તરફ વિશેષ ધ્યાન આપવું પડશે. તો અત્યાધુનિક લશ્કરી શસ્ત્ર-સરંજામ પણ વધારવો પડશે. તેમજ આતંકી પાકિસ્તાનને આકરો પાઠ પણ ભણાવવો પડશે તેમજ નેપાળ, બાંગ્લાદેશ, મ્યાનમાર, શ્રીલંકા,લક્ષદ્વીપ માટે કૂટનીતિને આગવો ઢાચો આપીને ભારત સામે શીંગડા ન ભરાવે તેવું આયોજન કરવું પડશે. આ માટે મોદીજીએ બહુજ દૂરંદેશીતા રાખી આગળ વધવું પડશે.ભારતના લોકો ચીનનો બહિષ્કાર કરવા તૈયાર થઈ ગયા છે અને કરી રહ્યા છે... પરંતુ મોદીજીએ ચીનને લાભ થાય તેવા કોઈપણ કામો ન આપવા તૈયાર થવું પડશે.....!! વંદે માતરમ.......

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૫/૦૬/૨૦૨૦, ગુરૂવાર, અષાઢ સુદ-૪
સૂર્યોદય-૬-૦૬, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૭-૫૩,
આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ આશ્લેષા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૦૬થી ૭-૪૭ સુધી, શુભ-ચોઘડીયુંઃ ૧૧-૦૯થી ચલ-લાભ-અમૃત-૧૬-૧૧ સુધી, ૧૭-૫૨ થી શુભ-અમૃત-ચલ-૨૨-૧૧ સુધી

- શુભ હોરા-
૬-૦૬થી ૭-૧૩ સુધી, ૯-૨૮થી ૧૨-૫૦ સુધી, ૧૩-૫૭થી ૧૫-૦૪ સુધી, ૧૭-૧૯થી ૨૦-૨૬ સુધી

### સૌથી શ્રીમંત વાયએસઆર કોંગ્રેસના સાંસદ અલ્લા અયોધ્યા રામી રેડ્ડી

# રાજયસભા માટે નવા ચૂંટાયેલા સાંસદોમાંથી ૬૨માંથી ૫૨ સાંસદો કરોડપતિ

ન્યુ દિલ્હી,તા.૨૪

હાલમાં જ રાજયસભાની ચૂંટણીમાં ૬૨ ઉમેદવારો ચૂંટાઈને આવ્યા છે. જેમાં આંધ્રપ્રદેશથી વાયએસઆર કોંગ્રેસના સાંસદ પરિમલ નથવાણી અને ગુજરાતથી ચૂંટાયેલા નરહરિ અમીન ટોપ-૧૦ સૌથી શ્રીમંત સાંસદોની યાદીમાં આવે છે. ૩૯૬ કરોડની સંપત્તિ સાથે પરિમલ નથવાણી બીજા ક્રમે છે જયારે ૭૫ કરોડથી વધુ સંપત્તિ સાથે નરહરિ અમીન ૮મા ક્રમે છે.

નેશનલ ઈલેકશન વોચ અને એડીઆરના વિશ્લેષણ અનુસાર આ યાદીમાં ૨૫૭૭ કરોડથી વધુની સંપત્તિ સાથે આંધ્રપ્રદેશથી વાયએસઆર કોંગ્રેસના સાંસદ અલ્લા અયોધ્યા રામી રેડ્ડી છે. ગઈકાલે નવા ચૂંટાયેલા ૬૨ સાંસદોની સંપત્તિ અને તેઓના ગુન્હાહીત ઈતિહાસનું વિશ્લેષણ જાહેર કરવામાં આવ્યુ હતું કે જેઓ ૧૯મીએ બીનહરીફ કે ચૂંટણી બાદ ચૂંટાયા હતા.મહત્વની વાત એ છે કે ઉમેદવારી પત્ર સાથે બીડવામાં આવેલા ઈક્રમટેક્ષ રીટર્ન અનુસાર નરહરિ અમીન અને પરિમલ નથવાણી આવકમાં ટોપ-૧૦માં સામેલ છે. ૨૦૧૮-૧૯ના વર્ષ અનુસાર ૪૮ કરોડથી વધુની આવક અને ૩૧ કરોડથી વધુ સેલ્ફ ઈક્રમ સાથે અમીન ત્રીજા ક્રમે છે. નથવાણીની કુલ આવક ૧૪.૪ કરોડ અને સેલ્ફ ઈક્રમ ૧૪.૩૪ કરોડ છે અને તેઓ આ યાદીમાં ચોથા ક્રમે છે.

૬૨ નવા સાંસદોમાં ૫૨ એટલે કે ૮૪ ટકા કરોડપતિ છે. જેમાં રેડ્ડી પ્રથમ અને નથવાણી બીજા ક્રમે છે તો ૩૭૯ કરોડની સંપત્તિ સાથે ભાજપના જયોતિરાદિત્ય સિંધીયા ત્રીજા ક્રમે છે. ભાજપના મહારાજા સંજા ઓબા લીશેમ્બા પાસે ૫૪૮૫૯૪ કરોડની સંપત્તિ છે. ભાજપના અશોક ગસ્તી ૧૯૪૦૦૪૮ સંપત્તિ સાથે લીસ્ટમાં નીચેથી બીજા ક્રમે છે.

સૌથી વધુ ઉંમરના સાંસદ પૂર્વ વડાપ્રધાન દેવગૌડા છે તેઓ ૮૭માં વર્ષે સાંસદ બન્યા છે અને સૌથી ઓછી ઉંમરના સાંસદ પ.બંગાળની મોસમ નૂર છે જેની ઉંમર ૪૦ વર્ષની છે.

રાજ્યસભા માટે ચૂંટાયેલા ૪૮ ટકા એટલે કે ૩૦ સાંસદોએ પોતાની ઉંમર ૩૧ વર્ષથી ૬૦ વર્ષની વચ્ચે બતાડી છે. ૩૨ ટકા એટલે કે ૫૨ સાંસદોએ પોતાની ઉંમર ૬૧ વર્ષથી ૯૦ વર્ષની વચ્ચે જણાવી છે.

# સતત ૩ દિવસની તેજીને બ્રેકઃ સેન્સેક્સમાં ૫૬૧ અંકનું ગાબડું

*મુંબઈ,તા.૨૪*

જૂન સીરીઝની એક્સપાઈરી પહેલા બુધવારે ઉપલા મથાળેથી વેચવાલી થતા અંતિમ સેશનમાં ઘરેલુ શેરબજાર પટકાયું છે. આ સાથે સતત ત્રણ દિવસની શેરબજારની તેજીને બ્રેક લાગી છે. બીએસઈ પર બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૫૬૧ અંક અથવા ૧.૫૮ ટકા પટકાઈને ૩૪,૮૬૮ નજીક જયારે નિફ્ટી ૫૦ આંક ૧૬૫ પોઈન્ટ અથવા ૧.૫૮ ટકા ગગડીને ૧૦,૩૦૫ નજીક બંધ આવ્યા છે.

બેંક નિફ્ટીની વાત કરીએ તો ઈન્ડેક્સ અંતિમ સેશનમાં ૮૩૮ અંક પટકાઈને ૨૧,૪૨૬ નજીક બંધ આવ્યો છે. જયારે બીએસઈ પર મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૧.૦૮ અને ૧.૨૪ ટકા ગગડ્યા છે.

વિવિધ સેક્ટર્સની વાત કરીએ તો આજે બીએસઈ પર હ્વસ્ઙ્મ્ અને એનર્જીને છોડી લગભગ તમામ સેક્ટર્સમાં મંદ વલણ જોવા મળ્યું છે. ચલણની વાત કરીએ તો આજે ડોલર સામે રૂપિયો ૬ પૈસા ગગડીને ૭૫.૭૨ પર બંધ આવ્યો છે.જયારે આ પહેલા મંગળવારે રૂપિયો ૭૫.૬૬ પર બંધ આવ્યો હતો. દેશમાં કોરોના વાયરસની સ્થિતિ અને ચીન અને ભારત વચ્ચે સતત વધી રહેલી તંગદિલીની અસર ઘરેલુ શેરબજાર પર જોવા મળી રહી છે. રોકાણકારોમાં ચિંતા સર્જાતા વેચવાલી વધી જેના કારણે માર્કેટ પટકાયું છે.

# કોંગ્રેસ સરકારોએ ભારતની જમીનનો મોટો હિસ્સો પાકિસ્તાન-ચીનને હડપવા દીધેલો

ન્યુ દિલ્હી,તા.૨૪

ભારત અને ચીન વચ્ચે વ્યાપેલા તણાવને લઈ કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે શાબ્દિક પ્રહારો અને વાકયુદ્ધ ચાલી રહ્યું છે. ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાએ બુધવારે સવારે અનેક ટ્વિટ કરીને કોંગ્રેસ પાર્ટી સામે સવાલો ઉભા કર્યા હતા. ત્યારે હવે ભાજપના પ્રવક્તા સામ્બિત પાત્રાએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ફરી એક વખત સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર સવાલોનો મારો ચલાવ્યો છે. ભાજપે લગાવેલા આરોપ પ્રમાણે કોંગ્રેસ સરકારોએ ભારતની જમીનનો ઘણો મોટો હિસ્સો પાકિસ્તાન અને ચીનને હડપવા દીધેલો.સંબિત પાત્રાએ જણાવ્યું કે, કોંગ્રેસ પાર્ટીએ સત્તામાં રહીને ઐતિહાસિક ભૂલો કરી છે અને એક પરિવારની ભૂલોને આખો દેશ ભોગવી રહ્યો છે. તેમણે સંસદમાં ચીન મુદ્દે કોંગ્રેસેનું વલણ નરમ કેમ છે તેવું પુછવામાં આવેલું તે સવાલને પણ દોહરાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, સંસદમાં અનેક વખત ચીન અને પાકિસ્તાનને લઈ સવાલો કરાયા છે.

આ સવાલ ૨૦૧૨માં પુછવામાં આવેલો અને ત્યારે કોંગ્રેસની સરકારે ચીન-પાકિસ્તાને ભારતની ૭૮,૦૦૦ સ્ક્વેર કિમી જમીન હડપી લીધી છે તેવો જવાબ આપ્યો હતો. જમ્મુ કાશ્મીરમાં ચીને પણ ભારતની અનેક હજાર કિમી જમીન પર કબજો જમાવેલો છે. ભાજપના નેતાએ જણાવ્યું કે, ચીને પહેલા પણ ભારતની જમીન હડપી લીધેલી અને તે સિવાય પાકિસ્તાનેઁદ્ધની જમીન ચીનને સોંપી દીધેલી. વધુમાં કોંગ્રેસ પાર્ટીના મા-દીકરાએ દેશમાં ભ્રમ ફેલાવેલો છે તેવો આરોપ પણ મુક્યો હતો.




ભારત-ચીન વચ્ચે ચાલી રહેલા સીમા વિવાદના પડઘા હવે વિદેશમાં પણ પડી રહ્યા છે. કેનેડામાં ચાઈનીઝ દૂતાવાસ પાસે ભારતીય સમુદાયના લોકોએ પ્રદર્શન કર્યુ હતું. કેનેડાના વૈંકૂવરમાં ભારતીયોએ ચાઈનીઝ દૂતાવાસ બહાર એકઠાં થઈને વિરોધ પ્રદર્શન કર્યુ હતું. એક પ્રદર્શનકારીએ જણાવ્યું,ચીને તેના પડોશી દેશોને ડરાવી રાખ્યા છે. તેમની સરહદોમાં ઘૂસી જાય છે. ચીન હાલ વિશ્વનો સૌથી મોટો ભૂમાફિયા બની ગયો છે.

# મેક્સિકોમાં ૭.૪ની તીવ્રતાનો ભૂકંપઃ ૫ના મોત,સુનામીની ચેતવણી

મેક્સિકો,તા.૨૪

મેક્સિકોમાં મંગળવારે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૪ માપવામાં આવી છે, જેમાં ૫ લોકોના મોત થયા છે. જયારે આ વચ્ચે અમેરિકન જિયોલોજિકલ સર્વે ધ યૂએસ નેશનલ ઓસનિક એન્ડ એડમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશને સુનામીની ચેતવણી આપી છે.

ધ યૂએસ નેશનલ ઓસનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશને મેક્સિકો, દક્ષિણ મેક્સિકો, ગ્વાટેમાલા, અલ સાલ્વાડોર અને હોંડુરાસમાં ભૂકંપ પછી સુનામીની ચેતવણી જાહેર કરી છે.

મેક્સિકો સિટીમાં ભૂકંપના આંચકાની સાથે જ લોકો પોતાના ઘરમાંથી બહાર નિકળી ગયા હતા. ભૂકંપના આંચકા પછી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.

યૂએસ જિયોલોજિકલ સર્વે મુજબ મેક્સિકોના ઓક્સાકામાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૪ની નોંધાઈ છે. ભૂકંપની તીવ્રતા એટલી બધી હતી કે, ઈમારતો પણ હલી ગઈ હતી અને ભયના કારણે મોટી સંખ્યામાં લોકો ઘરોથી બહાર નીકળી રસ્તા પર આવી પહોંચ્યા હતા.

જાણવા મળી રહ્યુ છે કે, ભૂકંપનું કેન્દ્ર ઓક્સાકાના પ્રશાંત તટ પર કેન્દ્રિત હતુ. હાલ કોઈ પણ પ્રકારના નુકશાનના સમાચાર નથી.

### બ્રિટનની નેશનલ હેલ્થ સર્વિસના રિપોર્ટમાં ખુલાસો

# કોરોનામાંથી સાજા થયેલાં દર્દીઓને ગંભીર બીમારીનો ખતરો રહે છે

લંડન,તા.૨૪

દુનિયાભરમાં ફેલાઇ ચૂકેલી કોરોના મહામારીથી અસરગ્રસ્ત થયેલા લોકોમાં આ બીમારીને લીધે જીવનભર સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ રહેવાની સંભવાનો રહેલી છે. તાજેતરમાં કરાયેલા એક અભ્યાસમાં આ પરિણામ સામે આવ્યું છે, જેમાં લાંબા સમય સુધી ફેફસાની બીમારી સામે પણ ઝૂઝવું પડે એમ છે. બ્રિટનની નેશનલ હેલ્થ સર્વિસના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, કોરોના ચેપમાંથી સાજા થયેલા ૩૦ ટકા દર્દીઓના ફેફસાને કાયમી નુકસાન પહોંચી શકે છે. જેના કારણે તેઓને સતત થાક અને માનસિક તકલીફનો સામનો કરવો પડી શકે છે. જે દર્દીઓ આઈસીયુમાંથી સારવાર મેળવી બહાર આવ્યા છે તેમને લાંબા સમય માટે આ સમસ્યાનો સામનો કરવો પડશે. હેલ્થ એક્પસર્ટનું પણ માનવું છે કે આ બાબતે સતત પુરાવા મળી રહ્યા છે કે, કોરોના ચંપથીથી શરીરની કાયમી નુકસાન પહોંચી શકે છે. અહીં સુધી કે દર્દીના મગજને પણ નુકસાન થઇ શકે છે અને અલઝાઈમરનો ખતરો વધી જાય છે. બ્રિટન નેશનલ હેલ્થ સર્વિસના કોવિડ રિકવરી સેન્ટરના પ્રમુખ હિલેરીનું કહેવુ છે આ મુદ્દો ચિંતા વધારી રહ્યો છે કારણ કે આ અંગેની માહિતી ઓછા પ્રમાણમાં છે. તેમના મુજબ ઠીક થયેલા કોરોનાગ્રસ્ત દર્દીઓ હવે ઘણી સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

બીજી તરફ, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબ્લ્યુએચઓ)નું કહેવું છે કે વધુ વસ્તી ધરાવતા દેશોમાં કોરોના વાયરસનો ચેપ ફેલાવાના કારણે રોજે-રોજ મોટી સંખ્યામાં નવા કેસો સામે આવી રહ્યા છે અને આ વાયરસની વૈશ્વિક ગતિવિધિમાં પરિવર્તન દર્શાવે છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના કટોકટીની સ્થિતિના પ્રમુખ માઈકલ રયાને સોમવારે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કોરોના વાયરસના કેસો એટલા માટે વધી રહ્યા છે, કારણ કે મહામારી એક જ સમયે વધુ વસ્તી ધરાવતા દેશોમાં ફેલાઈ રહી છે.

### રક્ષામંત્રી રાજનાથ સિંહ હાજર રહ્યા

# રશિયામાં વિક્ટ્રી-ડે પરેડઃ ભારતીય સૈનિકોએ બતાવ્યું પરાક્રમ

*મૉસ્કો,તા.૨૪*

રશિયાની રાજધાની મોસ્કોમાં ૭૫મી વિક્ટ્રી ડે પરેડનું આયોજન કરાયું છે. આ પરેડ દ્વારા રશિયાએ દુનિયાને પોતાની સૈન્ય તાકાત દેખાડી. રશિયાની આ વિક્ટ્રી પરેડનું મહત્વ આ વખતે એટલા માટે વધી ગયું કારણ કે ગલવાનમાં ભારતનું પરાક્રમ જોયા બાદ ચીન અને હિન્દુસ્તાન બંને દેશોના રક્ષામંત્રી તથા બંને દેશોની સેનાઓની ટુકડી આ પરેડમાં સામેલ થયા હતાં. આ પરેડમાં ભારતની સૈન્ય ટુકડી પણ સામેલ થઈ જેણે વિદેશી જમીન પર ભારતીય તિરંગા સાથે માર્ચ પોસ્ટ કરી. આ પરેડ માટે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીના ૧૦૫ જવાનો સામેલ થયા હતાં જ્યારે ભારતે મોસ્કોની પરેડ માટે ત્રણેય સેનાના ૭૫ સૈનિકોની ટુકડીને મોકલી હતી. જેનું નેતૃત્વ એક કર્નલ રેંક્રના અધિકારીએ કર્યું. ગલવાનમાં ચીનને પાઠ ભણાવ્યાં બાદ આજે ભારતીય સેનાની ટુકડીનો જોશ પણ બમણો જોવા મળ્યો. રાજનાથ સિંહે રશિયાના ઉપપ્રધાનમંત્રી યુરી બોરિસોવ સાથે દ્વિપક્ષીય રક્ષા સંબંધો પર ચર્ચા કરી. રશિયાના ઉપપ્રધાનમંત્રી કોરોના વાયરસ મહામારીના પ્રતિબંધો હોવા છતાં તેમને મળવા માટે હોટલમાં આવ્યાં હતાં. રાજનાથ સિંહે કહ્યું કે બંને વચ્ચે વાતચીત સકારાત્મક રહી હતી. તેમણે મને આશ્વાસન આપ્યું છે કે બંને વચ્ચે થયેલા કરારોને યથાવત રાખવામાં આવશે.

### કોરોનાના કાળમાં લોકો પર એક પછી એક બોજ

# હવે પહેલીથી ATMમાંથી રોકડ ઊપાડવા ચાર્જ ચૂકવવો પડશે

નવી દિલ્હી, તા. ૨૨



લોકડાઉન અને કોરોનાને લીધે પહેલાથી જ નાણાકીય દબાણનો સામનો કરી રહેલા લોકો માટે, આ સમાચાર આંચકાથી ઓછા નથી. ૧ જુલાઈથી એટીએમમાંથી રોકડ ઉપાડવાના નિયમોમાં ફેરફાર કરવામાં આવશે, જેનાથી તમારા ખિસ્સા પરનો ભાર વધશે. એટીએમ કેસ ઉપાડ તમારા માટે ૧ જુલાઈથી મોંઘા થશે. હા, કોરોના સંકટની વચ્ચે નાણાં મંત્રાલયે એટીએમમાંથી રોકડ ઉપાડવા માટેના તમામ વ્યવહાર ચાર્જ પાછા ખેંચી લીધા હતા. એટીએમ ટ્રાન્ઝેક્શન ફી ત્રણ મહિના માટે સરકારે કોરોના સંકટ વચ્ચે લોકોને મોટી રાહત આપી હતી. આ છૂટ ફક્ત ત્રણ મહિના માટે આપવામાં આવી હતી, જે ૩૦ જૂન ૨૦૨૦ના રોજ સમાપ્ત થવાની છે. લોકડાઉન વચ્ચે નાણામંત્રીએ ત્રણ મહિના માટે એટીએમ ટ્રાન્ઝેક્શન ચાર્જ રદ કર્યો હતો. એટલે કે, આ દરમિયાન, તમે જેટલી વખત એટીએમમાંથી રોકડ ઉપાડવા માગો, તમારે કોઈ ચાર્જ ચૂકવવો પડતો નહતો, પરંતુ આ છૂટ ૩૦ જૂને પૂર્ણ થવાની છે. આ નિયમમાં ફેરફાર ફક્ત ત્રણ મહિના માટે કરવામાં આવ્યો હતો, તેની સમાપ્તિ ૩૦ જૂને થઈ રહી છે. આ છૂટ સરકાર દ્વારા ફક્ત એપ્રિલ, મે અને જૂન મહિના માટે આપવામાં આવી હતી. હવે આ તારીખનો અંત આવી રહ્યો છે. એટલે કે, ૧ જુલાઈથી ફરી એકવાર તમારે એટીએમમાંથી રોકડ ઉપાડવા માટે ચાર્જ ચૂકવવો પડશે. નાણાં પ્રધાને કહ્યું કે સરકારે એટીએમની ટ્રાંઝેક્શન ફી પાછી લેવાનો નિર્ણય લીધો છે જેથી લોકોને પૈસા ઉપાડવા બેંકમાં જવું ન પડે.

# સલામતી,સુરક્ષા,ભય,ભૂખ,,ભ્રષ્ટાચાર મિટાવવા જેવા બહાના હેઠળ પ્રજા ને ખભે સરકારી વૈભવી ઠાઠ માઠમાં ભાજપ ફૂલ્યો ફાલ્યો

અમદાવાદમાં ૧૮૭૮માં શરૂ થયેલી રથયાત્રાની પરંપરા કોઈપણ પ્રકારના વિઘ્નવિના અવિરતપણે વહેતી રહીને વર્ષોવર્ષ તેનું મહાત્મ્ય + મહત્વ અધિકાધિત વધારતી રહી છે. પણ આવખતની ૧૪૩ મી રથયાત્રા નગર દર્શન માટે ન નીકળી શકી. એટલા માટે કે ગુજરાત ની ભાજપ સલ્તનત સ્વયં કોરોના સંક્રમણ થી ભયભીત છે અને પ્રજાને પણ ભયભીત કરી રહી છે. સંક્રમણ નો ભય બતાવી ને રથયાત્રા ના નીકળે તે માટે સુનિયોજિત નૌટંકી નું પ્રદર્શન કરવામાં આવ્યું !




ભગવાન જગન્નાથની ૧૪૩મી રથયાત્રા કર્ણાવતી અને ગુજરાત માટે યાદગાર બની રહી, કારણ ૧૪૨ વર્ષથી ચાલતી પરંપરા ૧૪૩માં વર્ષે તુટી હતી. આ ગુજરાત ભાજપ ના માથે કલંક કહેવાશે . રથયાત્રા સમયે શહેરમાં વરસાદ ના અમી છાંટણા ન થયા પણ ભક્તો ની આંખો ભીજાઈ ગઈ.

ગુજરાત ની ભાજપ સલ્તનત કહે છે કે મંદિર ના પ્રાંગણ માં જ ભગવાનની રથયાત્રા ની પરિક્રમા કરાવવામાં આવી. હું કહું છું કે આ પરિક્રમા ના કહેવાય આતો ભગવાન ને કુંદરડી ફરાવાયા કહેવાય . ગુજરાત ની ભાજપ સલ્તનત ને ગર્વ છે કે શાંતિ + સમજૂતી સાથે પર્વ ને સાકાર બનાવ્યો ! ગુજરાત ના બધાજ જગન્નાથ મંદિર માં ભગવાન ને કુંદરડી ફેરવયાની ખુશી છે ભાજપ સલ્તનત ને ! પણ ગુજરાતની ભાજપ સલ્તનત એ કેમ ભૂલી ગઈ કે ભગવાન શ્રી કૃષ્ણ એ તો કાળિયા નાગ ને નાથ્યો + કંશ નું કાશળ કાઢ્યું + કૌરવો નો સંહાર કરાવ્યો તો કોરાના ને પણ કચડી નાખે તેમ છે . પણ સલ્તનત ના નશા માં નાગરોકો ની લાગણી ને કચડી ને આનંદ ની અનુભૂતિ કરી રહી છે !

રથયાત્રા રોકાવી ને ગુજરાતની ભાજપ સલ્તનતે હિન્દુઓં સાથે વિશ્વાસઘાત કર્યો હૉય તે આ પ્રથમ ઘટના નથી.

સાબરમતી નદી માં ભગવાન ગણેશ જી અને દશા માતા ની મૂર્તિ વિસર્જન પર કડકાઈ થી રોક

: કરણાવતી મહાનગર માં ઘણા બધા મંદિરો તોડયા !

અશાંતધારા ની આડ માં હિન્દુઓ ને લોલીપોપ આપી મૂર્ખ બનાવ્યા

કોરોના ની આડ માં મંદિર બંધ કરાવ્યા સાથે ઘંટ નાદ પણ બંધ કરાવ્યા !

મંદિર નો વિનાશ અને મસ્જિદ નો વિકાસ નું આચરણ અપનાવ્યું .

નવરાત્રી નો સમય ઘટાડ્યો !

કોટવિસ્તાર માં હિન્દુઓનું વિસ્થાપન થવા દીધું !

ધ્વનિપ્રદૂષણ કેવળ ફટાકડાથી થાય છે તેમ સ્વીકાર્યું !

કોરોના કાળ માં મંદિર ના લાઉડસ્પીકર પર પાબંદી !

૨૦૦૨ ના હિન્દૂ યોદ્ધાઓ હજુ જેલમાં કૈદ છે ! અને ભાજપ સલ્તનત નો વૈભવ ઠાઠ થી ભોગવે છે .

જય શ્રી કૃષ્ણ......જય જય ગરવી ગુજરાત ......

ભારત માતા કી જય ..વંદે માતરમ ....નિલેશ જયપાલ

# બ્રહ્મ સમાજમાં મૃત્યુ પાછળ સમૂહ ભોજનને સંપૂર્ણ પણે બંધ કરવા સમાજના અગ્રણીઓની અપીલ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સમસ્ત બ્રહ્મસમાજ બનાસકાંઠા દ્વારા સમાજમાં ચાલતા મૃત્યુ બાદ સમુહભોજના રિવાજને સંપૂર્ણપણે બંધ કરવા સમાજના અલગ અલગ ગોળના ૪૪ અગ્રણીઓ સાથે થયેલી ચર્ચા વિચારણા બાદ બુધવારે પાલનપુર ખાતે સમાજના આગેવાનોએ સમાજમાં કુરીવાજો બંધ કરવા સમાજના લોકોને આહવાન કર્યું છે.

બનાસકાંઠા જિલ્લો એ અતિ પછાત જિલ્લો માનવામાં આવે છે બનાસકાંઠા જિલ્લામાં દરેક કોમના રીતરિવાજ અલગ-અલગ પ્રમાણે જોવા મળે છે બનાસકાંઠા જિલ્લામાં વાત કરવામાં આવે તો દરેક સમાજમાં લગ્નને મૃત્યુ સમયે પોતાના સમાજ દ્વારા બનાવવામાં આવેલ રીતરિવાજ નું પાલન કરવાનું હોય છે પરંતુ જેમ-જેમ બનાસકાંઠા જિલ્લામાં યુવાનોમાં સાક્ષરતાનું પ્રમાણ વધતું ગયું તેમ તેમ દરેક સમાજના રીતરિવાજોમાં બદલાવ જોવા મળી રહ્યો છે.બનાસકાંઠા જિલ્લામાં અગાઉ ઠાકોર સમાજના રિતરીવાજોમાં સમાજના અગ્રણીઓ દ્વારા સમાજના અનેક રિવાજોમાંથી લોકોને મુક્ત કરાયા હતા. ત્યારે હવે બ્રહ્મ સમાજમાં પણ આજે સમાજના લોકો દ્વારા અનેક રીતરિવાજો દૂર કરવામાં આવ્યા હતા.બનાસકાંઠા જિલ્લામાં બ્રહ્મ સમાજ માં કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય તો તેના ગોળમા ચાલતા રિવાજ મુજબ સમાજના લોકોને ભોજન કરાવવા માં આવતું હોવાનો રિવાજો છે.જોકે આવા કુરિવાજો ડામવા સમાજના અલગ અલગ ગોળના સામાજિક તેમજ રાજકીય ૪૪ જેટલા આગેવાનોએ ચર્ચા વિચારણા બાદ બુધવારે પાલનપુરમાં સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત રાજ્ય પાલનપુર શહેરના યુવા પ્રમુખ ધવલ મહાશંકરભાઈ જોષી સહિત ના અગ્રણીઓએ સમાજમાં ચાલતા કેટલાક કુરિવાજો જેવા કે મરણ બાદ સમૂહ ભોજ આ રિવાજમાં સમાજના નાના માણસને પરિવારના વ્યક્તિના મોતની દુઃખની ઘડી એ સમાજને સમૂહ ભોજ આપવુ આર્થિક રીતે એક સંકટ સમાન બને છે .ત્યારે આવા કુરિવાજોને સમાજમાંથી દૂર કરી પરિવારના વ્યક્તિના મૃત્યુ બાદ નજીકના મંદિરમાં પૂજા અર્ચના કરતા કે કુળના ગોર મહારાજને દાન કરવા સમાજના લોકોને આહવાન કરવા માં આવ્યું છે આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત રાજય બનાસકાંઠા જિલ્લા પ્રભારી ભરતભાઈ વ્યાસ, અતુલભાઈ ચોક્સી, લાલિતભાઈ પુરોહિત સહિત સમાજના આગેવાનો હાજર રહ્યા હતા...

# વિજયનગરના પરોસડા ચોકડી પાસેથી કારમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

મોટી ઈસરોલ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં અંતરીયાળ વિજયનગર તાલુકામાં પરોસડા ચોકડી પાસેથી કારમાં લઈ જવાતો રૂ.૩૮હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો .આરોપી સામે પ્રોહીબિશન એક્ટ મુજબ વિજયનગર પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ પોલિસ સબ ઈન્સ્પેક્ટર મેહુલભાઈ કોટવાલે વધુ તપાસ હાથ ધરી છે.

વિજયનગર પોલીસ. મથકના પોસઈ મેહુલભાઈ કોટવાલ પોતાના સ્ટાફ સાથે પોલીસ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન તાલુકામાં પરોસડા ચોકડી પાસેથી મારુતિ કાર પસાર થઈ રહી હતી એ કારને રોકીને તેની અંદર તલાશી લેતા તેમાંથી રૂ.૩૮૧૩૬ ની કિંમતનો દારૂ મળી આવતા રૂ.૧૫૦૦૦૦ની કાર સહિત રૂ.૧૮૮૧૩૬ નો મુદ્દામાલ કબજે લઈ આરોપી વિનુભાઈ હરજીભાઈ રબારીની ધરપકડ કરી તેને જેલ હવાલે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ૧૦ દિવસના વિરામ બાદ અમદાવાદમાં ધોધમાર વરસાદ: અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

અમદાવાદ,તા.૨૪

અમદાવાદમાં આજે બપોર બાદ મેઘરાજાની સવારી આવી પહોંચી હતી. અનેક દિવસોથી ભારે ઉકળાટ બાદ આજે અમદાવાદમાં મેઘરાજાનું આગમન થયું હતું. અને અમદાવાદના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદ વરસતાં અનેક દિવસોથી ભારે બફારાનો સામનો કરતાં અમદાવાદીઓમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

અમદાવાદના અમરાઈવાડી, ઘોડાસર, ઈસનુપર, પાલડી, શાહીબાગ, નારણપુરા, ધરણીધર, નહેરૂનગર, ખોખરા, હાટકેશ્વર, વટવા, નિકોલ, નરોડા, વસ્ત્રાલ, એસજી હાઈવે સહિતનાં અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો.

અમદાવાદમાં પવન અને વીજળીનાં કડાકા ભડાકા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. તે અગાઉ શહેરમાં કાળા ડિબાંગ વાદળો છવાયેલાં હતા. અને એકાએક ભારે વરસાદ તૂટી પડ્યો હતો. ઓચિંતો ધોધમાર વરસાદ આવી જતાં બહાર નીકળેલાં અમદાવાદીઓએ ઝાડ અને બસ સ્ટેન્ડ નીચે આશરો લીધો હતો. ભારે વરસાદને કારણે વિઝિબિલિટીમાં પણ ઘટાડો આવ્યો હતો. પાલડી, રખિયાલ, વટવા, દુધેશ્વરમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. તો ચાંદલોડિયામાં સવા ઈંચ વરસાદ, ઓઢવ, ઉસ્માનપુરામાં એક ઈંચ વરસાદ, સરખેજ, મણિનગરમાં પણ એક ઈંચ વરસાદ અને વિરાટનગરમાં ૦.૭૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો.



ચાઈના પ્રોડક્ટના બહિષ્કાર વચ્ચે ભાજપનો ચાઈનાપ્રેમ

## ભાજપ સરકારે રૂા.૫૮ કરોડના મેડ ઈન ચાઈના ટેબલેટ ખરીદ્યાં

અમદાવાદ, મંગળવાર

ભારતમાં સરહદમાં ઘૂષણખોરી કરી ૨૦ જવાનોને શહીદ કરનારાં ચીન વિરુધ્ધ દેશભરમાં રોષ ભભૂક્યો છે. એટલું જ નહીં, ચીનને સબક શિખડાવવા ચાઈના પ્રોડક્ટનો બહિષ્કાર થઈ રહ્યો છે ત્યારે ગુજરાતની ભાજપ સરકારે રૂપિયા ૫૮ કરોડની કિમતના મેઈડ ઈન ચાઈના ટેબલેટ ખરીદ્યા છે.કોંગ્રેસે આક્ષેપ કર્યો છેકે, સ્વદેશી ઉત્પાદન અને આત્મનિર્ભરની સુફિયાણી વાતો કરનાર ભાજપનો ચાઈના પ્રેમ ખુલ્લો પડ્યો છે.ચીન પ્રોડક્ટ્સની ખરીદીને પગલે કોંગ્રેસ શિક્ષણમંત્રીના રાજીનામાની માંગણી કરી છે. ગુજરાતમાં ભાજપ સરકારે કેન્દ્ર સરકારના સર્વ શિક્ષા અભિયાનના નાણાંમાંથી મેઈડ ઈન ચાઈના ટેબલેટની ખરીદી કરી છે તેવો આક્ષેપ કરતાં કોંગ્રેસ પ્રવકતા ડો.મનિષ દોશીએ જણાવ્યું કે, રાજ્યની શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરી પૂરવા માટે મેઈડ ઈન ચાઈના

### શાળાઓમાં શિક્ષકો-વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરી પૂરવા ચાઈનીઝ ટેબલેટનું વિતરણ કરાયુ

મોડલના લિનોવા કંપનીના ટેબલેટ ખરીદવામાં આવ્યાં છે . આ એક ટેબલેટની કિમત રૂા.૧૪,૫૦૦ છે.રાજ્ય સરકારે ૪૦ હજાર ટેબલેટ ખરીદવામાં આવ્યાં છે. તાજેતરમાં ચાઈનીઝ ટેબલેટનુ રાજ્યભરની શાળાઓમાં વિતરણ કરાયુ છે. રાજ્ય સરકારની આકરી ટીકા કરતાં તેમણે જણાવ્યું કે, દેશભરમાં ચીનની નફ્ફટાઈ સામે રોષ ભભૂક્યો છે ત્યારે ગુજરાતમાં ભાજપ સરકારને જાણે ચીન પ્રત્યે પ્રેમ ઉભરાયો છે. પ્રજાને રા... અને ચાઈના પ્રોડક્ટસના બ... સુફીયાણી વાતો કરનાર ભા... મોટા પાયે ચાઈના પ્રોડક્ટસની ખરીદી કરે છે તે સમજાતુ નથી. દેશવાસીઓને સ્વદેશી અને આત્મનિર્ભરની શીખ આપનાર ભાજપની કરણી અને કથની પ્રજા સમક્ષ ખુલ્લી પડી ગઈ છે. કોંગ્રેસે એવી માંગ કરી છેકે, ચાઈના ટેબલેટની ખરીદીની જવાબદારી સ્વિકારી શિક્ષણમંત્રીએ રાજીનામુ આપવું જોઈએ.

## કોંગ્રેસનો આક્ષેપ, રાષ્ટ્રવાદની સુફિયાણી વાતો કરનાર ભાજપની કરણી અને કથની ખુલ્લી પડી

# ધાનેરા ખાતે હોમ ગાર્ડ જવાનને મરણોત્તર સહાય આપવામાં આવી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આજ રોજ માનનીય બનાસકાંઠા જીલ્લા હો.ગા.કમા.શ્રી આર.એમ.પંડ્યા સાહેબ શ્રી ના હસ્તે ધાનેરા ખાતે હોમ ગાર્ડ માં નોકરી કરતા અને મરણ પામેલ હોમગાર્ડ્ઝ સભ્ય શ્રી સોલંકી નવીન કુમાર મફતલાલ ના પરિવારને હોમગાર્ડ્ઝ વેલફેર ફંડમાંથી મરણોતર સહાય પેટે રૂ. ૧,૫૫,૦૦૦ નો ચેક આપેલ છે જે પ્રસંગે જિલ્લા કચેરીમાંથી શ્રી સ્ટાફ ઓફિસર કાયદા અધિકારી શ્રી મનોજકુમાર ઉપાધ્યાય સાહેબ તેમજ હેડકલાર્કસાહેબ શ્રી જ્યંતિ ભાઈ તેમજ સબ ઈન. શ્રી એલ.એચ. વ્યાસ સાહેબ તેમજ ધાનેરા યુનિટ ના ઓફિસર કમા શ્રી આર.એન.ગારડીયા તેમજ હોમગાર્ડ્ઝ સભ્યો શ્રી ઓની હાજરી માં ચેક આપવામાં આવેલ છે

# અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર ઓછો થવાનું નામ નથી લેતો લોકો માં ભયનો માહોલ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લા માં ઓછા કેસ કેમ કરવા તે માટે જાણે કે નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યું હોય તેમ પરીક્ષણો કરવા માં આવતા નહિ હોવા ની ચર્ચામાં જોર પકડાઈ હોવાની વચ્ચે આજે ચાર કેસ નવા નોંધાતા જિલ્લા ની જનતા ભયભીત બની ભગવાન ભરોસે જીવન જીવી રહી છે અરવલ્લી માં વધુ ૪ કોરોના કેસ નોંધાયા મોડાસાના નિત્ય દર્શન ફ્લેટ ના ૩૭ વર્ષીય યુવાનને કોરોના મોડાસા ની બુલા ફળી ના ૫૫ વર્ષીય મહિલા કોરોનાગ્રસ્ત બન્યા હતા

મોડાસાના કોઠારી વાળા ના ૬૩ વર્ષીય પુરુષને કોરોના પોઝિટિવ

મોડાસા ના બાંડી વાળા ના ૬૫ વર્ષીય મહિલાને કોરોના આમ અરવલ્લી માં છેલ્લા બે દિવસના રાહત બાદ કોરોના નો કહેર યથાવત. અરવલ્લી માં કુલ કોરોના ના ૨૦૩ કોરોના કેસ નોંધાયા છે લોકલ સંક્રમણ દિનપ્રતિદિન વધી રહ્યું તંત્ર હોફી ગયું લોકો કોરોના ના ડર વચ્ચે ભાંગી પડી ત્યાં સરકારે પડતા પર પાટું જેવા હાલ થાય મહામંદી માં પેટ્રોલ ડીઝલ ના ભાવ છેલ્લા લગાતાર આઠ દિવસો થી વધતા બેકાર બનેલા લોકો ને મોંઘવારી નો માર સહન કરવો કે કોરોના થી બચવું તેની મુંઝવણ સતાવી રહી છે હાલ ભગવાન ભરોસે જીવીરહી છે.

# આંતરાષ્ટ્રીય હિન્દૂ પરિષદ દ્વારા અરવલ્લી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

એકસો તેતાલીસ વરસની પરંપરા ને તોડીને જગતના નાથ જગન્નાથની યાત્રા પર રોક લગાવી ને અને તેમાંય મંદિર ના ફરતે પોલીસ ના ધાડેધાડા ઉતારી ભગવાને બંધક બનાવી ભક્તોને દર્શન નો પણ સમય નહીં આપી સરકારે છે કરોડ ગુજરાતીઓ અને શ્રધ્ધાળુઓ ની શ્રધ્ધા પર જબરદસ્ત લપડાક મારી છે તેમજ દર્ન કરવા ગયેલા એક હોદ્દેદારની ધરપકડ કરી સરકારે ભક્તો અને છે કરોડ જનતાનું અપમાન કરતા જવાબદારો સામે પગલાં ભરવા આંતરાષ્ટ્રીય હિન્દૂ પરિષદ અરવલ્લી જિલ્લા ના સંઘઠન દ્વારા મોડાસા મામલતદાર અને અરવલ્લી કલેકટરને આવેદનપત્ર પત્ર આપવામાં આવ્યું હતું જિલ્લા પ્રમુખ રામભાઈ પટેલ કનુભાઈ પટેલ મંત્રી હિતેશભાઈ જોષી વગેરેએ હાજર રહી આવેદનપત્ર આપ્યું હતું.

## કાંકરેજ તાલુકાના શિહોરીની દીકરી

# ત્રણ સંતાનની માતાએ ભાભર ના તેના સાસરી પક્ષના પાંચ લોકો સામે ફરિયાદ નોધાવી

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ની ઉમિયાબા નંદુભા રાઠોડ ના લગ્ન બે વર્ષ પહેલાં ભાભર ગામે સમાજના રીતરિવાજ મુજબ થયાં હતાં ત્યારે તેમના ચિરંજીવી સંતાનમાં એક પુત્ર તેમજ બે દીકરીઓ હયાત છે ત્યારે થોડા સમય પહેલા પતિ સાસુ સસરા સાથે તેમજ દિયર સાથે કોઈ પણ રીતે ઉમિ યાબા ને શારીરિક માનસિક રીતે ત્રાસ આપવા નું શરૂ કર્યું હતું અને એમને પોતાના પિતા ના ઘરે જવા માટે કહ્યું હતું જેમાં માર માર્યો હતો અને રૂપિયા એક લાખ ની માગણી કરી હતી ત્યારે ગરીબ પરિવાર માટે રૂપિયા એક લાખ ક્યાંથી આવે એટલે પોતાના પતિ નંદુભા કાસુભા રાઠોડ(૨) કાસુભા રંગુસિહ રાઠોડ સસરા (૩) લીલાબા કાસુભા સાસુ (૪) ભગુભા કાસુભા દિયર (૫) કિતુભા કાસુભા રાઠોડ દિયર તમામ રહે ભાભર સામે શિહોરી પોલીસ સ્ટેશન માં ઈપિકો કલમ ૪૯૮(ક)૩૨૩.૫૦૬(૨) તેમજ દહેજ પ્રતિબંધક ધારા કલમ ૩,૭મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ત્યારે કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ની દીકરી ત્રણ સંતાનની માતા એ ભાભર ના તેના સાસરી પક્ષના પાંચ લોકો સામે ફરિયાદ દાખલ કરતાં તેમજ નંદુભા રાઠોડ ને નવી વહુ લાવવાના અભરખા જાગ્યા પછી શું પોલીસ દ્વારા આવા વિકૃત માનસિકતા ધરાવતા લોકો ને પોતાની બહેન દીકરી કે માતા પિતા અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સમજાવશે કે શું તે આવનાર સમય બતાવશે ત્યારે શિહોરી પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એસ વી આહીર આવતાં દારૂ જુગાર પર રોક લગાવી દીધી છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે આ પાંચ લોકો સામે કડક પગલાં ભરીને ત્રણ સંતાનની માતા ને ન્યાય મળે એવી યુવતીના પરિવાર ની માંગણી કરી છે






# હારીજ હાઈવે રોડ નવીન કામગીરીમાં અંડરગ્રાઉન્ડ ગટર માં રાજકારણ ગરમાયૃ



પી.સી.સી.કોન્ટ્રાક્ટર મનમાની કરતા હોવાની રાવ ઉઠવા પામી નગર પાલિકા દ્વારા ચકાજામ કરી ગટર કામગીરી બંધ કરાવવામાં આવી. મળતી માહિતી મુજબ હારીજ હાઈવે નવીન રોડ પી.સી.સી રોડ કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે ત્યારે નગર પાલીકા સત્તાધીશો અને પી.સી.સી રોડ કોન્ટ્રાક્ટર અંડરગ્રાઉન્ડ ગટર મુદ્દે છેલ્લા બે સપ્તાહ થી ગજગ્રાહ ચાલી રહ્યો છે ત્યારે ગત સમયે નગર પાલિકા પ્રમુખ દ્વાર નગરના ગટર પાણી નિકાલ માટે મહેસાણા એસ.આર. પી. ડીવીઝન અધિકારી ને લેખીત રજૂઆત કરવામાં આવી હતી જે પરત્વે અધિકારીઓ સ્થળ ઉપર આવી નગર પાલિકાના નગરના ગટર પાણી નો નિકાલ કરવા માટે રોડ કોન્ટ્રાક્ટર ને ઝડપથી નિકાલ લાવવા ઉપરી અધીકારીઓ દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી ત્યારે ગટર કોન્ટ્રાક્ટર મનમાની કરી નગર પાલિકા પ્રમુખ દ્વારા થયેલ રજૂઆત ગટરના પાણી નિકાલ મુદ્દે કોઈજ ધ્યાન આપવામાં ન આવતા આજ રોજ નગર પાલીકા પ્રમુખ કોર્પોરેટર ભા.જ.પા.કાર્યકરો દુકાનદારો વહેપારીઓ મોટી સંખ્યામાં હાઈવે રોડ ખાતે આવી ગટર કામગીરી અટકાવી ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું વાહન વ્યવહાર અટકાવવામાં આવતા હારીજ પોલીસ ઘટના સ્થળે દોડી આવી પ્રદશનકારીઓને સમજાવી વાહન વ્યવહાર ફરી શરૂ કરાવવામાં આવ્યો હતો.ધ્રુવ દવે.સિદ્ધપુર દ્વારા

# અરવલ્લી : પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે આક્રોશ મોડાસા સહીત જીલ્લામાં ઠેર ઠેર કોંગ્રેસના વિરોધ પ્રદર્શન



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવ નીચા હોવા છતાં પેટ્રોલ-ડીઝલ ઉપર અસહ્ય વેરા કેન્દ્ર સરકારે લાગુ કરી કોરોના અને મહામંદીથી પીડાતા લોકોને રાહત આપવાને બદલે ઊલટું પડ્યા પર પાટુ માર્યુ હોવાનો અહેસાસ થાય છે.જે મુદ્દે લોકોમાં પ્રવર્તતા આક્રોશને વાચા આપવા મોડાસા શહેર સહીત જીલ્લામાં ઠેર ઠેર ઉગ્ર વિરોધ નોંધાવ્યા હતો અને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઝિંકાયેલો ભાવ વધારો પરત લેવા અને ભાવમાં રાહત આપવામાં માંગ કરી હતી

એક તરફ કોરોના વાયરસ સમગ્ર ભારત ને બાન માં લીધું છે તો બીજી તરફ લોકડાઉન માં સ્થિર રહેલા પેટ્રોલ ડીઝલ ના ભાવમાં છેલ્લા ૧૮ દિવસ થી સતત વધી રહ્યા છે છે ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની આગેવાની માં શહેરના ચાર રસ્તા પર વિરોધ કરવામાં આવ્યો હતો.મોડાસા ના ધારાસભ્ય અને કોંગ્રેસ ના કાર્યકર્તાઓ હાયરે ભાજપ હાયહાય ના નારા બોલાવી પેટ્રોલ ડિઝલ ના ભાવ ઘટાડવા સરકારને વિનંતી કરી હતી. કોરોના વાયરસ ને કારણે ગરીબ અને મધ્યમ વર્ગ ના લોકો મુશ્કેલી થી જીવન નિર્વાહ કરી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા પેટ્રોલ ડીઝલ ના ભાવ પર નિયંત્રણ લાવવામાં આવે તે જરૂરી છે.આ વિરોધમાં મોડાસા શહેર અને તાલુકા કોંગ્રેસ ના અગ્રણીઓ અને જીલ્લા પંચાયત તાલુકા પંચાયતના સદશ્યો અને કાર્યકરો જોડાયા હતા

# બાંટવા શહેર કોંગ્રેસ સમિતિ દ્રારા વધતી જતી મોંઘવારી બાબતે આવેદનપત્ર પાઠવ્યું



(જીજ્ઞેશ પટેલ દ્વારા )

બાંટવા શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાઠોડ તથા ઉપપ્રમુખ શ્રી નારણભાઈ મેધાભાઈ ચૌહાણ તથા મહામંત્રી શ્રી વિરેન્દ્રસિંહ બી.ચાવડા દ્વારા સતત વધતી જતી મોંઘવારી તથા રાંધણગેસ, પેટ્રોલ તથા ડીઝલના ભાવોને અંકુશમાં લેવા માટે ચિફ ઓફીસર શ્રી બાંટવા નગરપાલિકા મારફતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ ને આવેદનપત્ર આજરોજ પાઠવવામાં આવેલ જેમાં જણાવેલ કે હાલમાં કોરાના વાયરસ ની મહામારીમાં લોક ડાઉન ના લીધે ધંધા રોજગાર,મજુરી વિગેરે કામધંધા બંધ હોવાના કારણે ગરીબ અને મધ્યમવર્ગીય જનતા માટે તેઓનુ ગુજરાન ચલાવવું અસહ્ય થય રહ્યુ છે આવી વિકટ પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કોઈ રાહત આપવામાં આવી નથી ઉપર થી રોજીંદા વ્યવહારમાં આવતી આવશ્યક ચીજવસ્તુઓ

રાંધણગેસ પેટ્રોલ, ડીઝલ તથા અન્ય ચિજવસ્તુઓ ના ભાવો સરકાર ના વધતા ટેક્ષોના લીધે દિવસે દિવસે સતત વધી રહ્યા છે જેથી ગરીબ અને મધ્યમવર્ગીય જનતા પર આવી સ્થિતિમાં પડ્યા પર પાટા સમાન હોય જેથી આવી જનતા વતી સરકાર ને વિનંતી કરવામાં આવી છે કે હાલ પુરતા સરકારી ટેક્ષો નાબુદ કરી રાહતરૂપે દરેક ગરીબ અને મધ્યમવર્ગીય લોકો નાં બેંક ખાતામાં દર મહિને દશ હજાર જમા કરાવી તથા અતી ગરીબો ને ઓગસ્ટ મહિના સુધી રાંધણગેસના સિલિન્ડર મફત આપવામાં આવે તેવી વિનંતી કરવામાં આવેલ છે

તસવીર - અહેવાલ
જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.